Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# GSRTC
# Driver
## Previous Year Paper
### 28 Jan, 2024

Teachingninja.in

આ પ્રશ્નપત્રમાં કુલ 12 છાપેલા પાના છે.

# JHDR - 2023

કુલ ગુણ : 100

સમય : 60 મિનિટ

ઉમેદવારનો બેઠક નંબર : ____

પ્રશ્નપુસ્તિકા કોડ : C

પ્રશ્નપુસ્તિકા નંબર
QUESTION BOOKLET NO.
1015655
SEAL SEAL SEAL SEAL
C JHDR - 2023

ઉમેદવારની સહી : ____ ખંડ નિરીક્ષકની સહી : ____

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

ઉમેદવારોને સૂચના :

(1) ઉમેદવારને મળેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં છપાયેલ ઉત્તરપત્ર નંબર તથા મળેલ પ્રશ્નપત્રનો પ્રશ્નપુસ્તિકા નંબર, બંને ઉમેદવારનો બેઠક નંબર જ છે તેની ખાતરી કર્યા બાદ જ ઉત્તરપત્ર (OMR SHEET)માં જવાબ આપવાનું ચાલુ કરવું. જો ઉપરોક્ત બંને નંબર અલગ હોય તો ખંડ નિરીક્ષકનું આ બાબતે ધ્યાન દોરવું.

(2) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. OMR જવાબવહીમાં E વિકલ્પ આપેલ છે. જે પૈકી E વિકલ્પ "Not Attempted" અંગેનો રહેશે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ

(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

જવાબવહી (Answer Sheet)માં

Ⓐ Ⓑ ● Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "C" છે. આથી "C"નું વર્તુળ ઘાટું કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂર્ણ થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર અને OMR Sheet ઉમેદવારને મળે એટલે તરત જ બંનેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.**

(6) ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તે E વિકલ્પ પસંદ કરી શકશે. અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી (OMR Answer Sheet)માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A, B, C, D, કે E ના વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ "શૂન્ય" ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.

(7) OMR પદ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબો માટે '0.25' ગુણ કપાત કરવામાં આવશે. એટલે કે આ પ્રકારના જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(8) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(9) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક નંબર લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતથી અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે તેમ છતાં પણ કોઈ નિશાની કે ઓળખ માલુમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(10) ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંને સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(11) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(12) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(13) ઉમેદવારે ભૂરી(બલ્યુ)/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો દર્શાવવાના રહેશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહી (White Ink)નો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(14) પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર સાથે લઈ જઈ શકશે.

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

Teachingninja.in

1. "શિરામણ" શબ્દ માટેનો શબ્દસમૂહ કયો ?

(A) સામા માણસનું મોં દેખી શકાય તેવો સવારનો સમય
(B) એક નાનું બેધારું હથિયાર
(C) માથા પરની કલગી
(D) સવારનો નાસ્તો

2. નીચેનામાંથી કઈ સંજ્ઞા બહુવચન નથી ?

(A) મગ (B) સમાચાર (C) અભિનંદન (D) પ્રેમ

3. સૌરાષ્ટ્રી બોલીમાં "અત્યારે" શબ્દ માટે કયો શબ્દ બોલાય છે ?

(A) તાણે (B) અટાણે (C) ચ્યાં (D) ઓલું

4. તત્સમ શબ્દ "શૃંગ"નો તદભવ શબ્દ કયો ?

(A) શિખર (B) શીખ (C) શિંગડું (D) સોહાગ

5. 'ઉ' - 'ઊ' આ સ્વરોનું ઉચ્ચારણ સ્થાન કયું ?

(A) કંઠમાંથી (B) દાંતમાંથી (C) હોઠમાંથી (D) કંઠ અને તાળવામાંથી

6. "હિંદુસમાજ" આ કયા સમાસનું ઉદાહરણ છે ?

(A) મધ્યમપદલોપી સમાસ
(B) તત્પુરુષ સમાસ
(C) કર્મધારય સમાસ
(D) દ્વન્દ્વ સમાસ

7. "દૂર્યોધન પ્રેષિત દૂત એક, દેખાવમાં ઘાતક દુષ્ટ છેક" આ પંક્તિમાં કયો અલંકાર છે ?

(A) શબ્દાનુપ્રાસ (B) ઉત્પ્રેક્ષા (C) અંત્યાનુપ્રાસ (D) વર્ણાનુપ્રાસ

8. "ગુરુ ગુરુ ગુરુ" છંદમાં આ પ્રકારની રચના કયા ગણની છે ?

(A) 'ય' ગણ (B) 'ત' ગણ (C) 'ર' ગણ (D) 'મ' ગણ

9. આપેલા વાક્યમાં રેખાંકિત શબ્દ કયું કૃદંત દર્શાવે છે ?

'દુનિયા નવી <u>થતી</u> જાય છે.'

(A) વર્તમાનકૃદંત (B) વિધ્યર્થકૃદંત (C) ભૂતકૃદંત (D) ભવિષ્યકૃદંત

10. નીચેનામાંથી ભાવે વાક્ય ઓળખો.

(A) પાતળિયાથી લાડ લડાવાય છે.
(B) મુંજાલથી તિરસ્કારભર્યું હસાયું.
(C) ગોવિંદથી આંખ મીંચાઈ ગઈ.
(D) તમારાથી દરરોજ ફળો ખયાવ છે.

11. નીચેનામાંથી કયો માત્રામેળ છંદ છે ?

(A) દોહરો (B) શિખરિણી (C) મંદાકાન્તા (D) પૃથ્વી

12. કયા શબ્દની જોડણી ખોટી છે ?

(A) યામિની (B) નિમંત્રિત (C) પ્રચલિત (D) શૈવલીનિ



Teachingninja.in

13. 'તન્વી' શબ્દની સંધિ છૂટી પાડો.

(A) તન્ + વી (B) તનુ + ઈવી (C) તનુ + ઈ (D) તનૂ + ઈવી

14. આપેલા વાક્યમાં રેખાંકિત શબ્દ કયું ક્રિયાવિશેષણ દર્શાવે છે ?

'અમે છેલ્લે મંદિરમાં દર્શન કરવા ગયાં.'

(A) સ્થળવાચક ક્રિયાવિશેષણ (B) પરિમાણવાચક ક્રિયાવિશેષણ

(C) ક્રમવાચક ક્રિયાવિશેષણ (D) નિશ્ચયવાચક ક્રિયાવિશેષણ

15. પ્રચલિત ગુજરાતી કહેવતમાં ખૂટતો શબ્દ ખાલી જગામાં મૂકો.

"કાળ જાય ને .......... રહે."

(A) ઝાળ (B) કહેણી (C) વેણી (D) ફાળ

16. આપેલ વાક્યમાં યોગ્ય વિરામ ચિહ્નો મૂકો.

વર્ણ ચાર છે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર

(A) વર્ણ ચાર છે : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. (B) વર્ણ ચાર છે; બ્રાહ્મણ–ક્ષત્રિય, વૈશ્ય–શૂદ્ર.

(C) વર્ણ ચાર છે – બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય-શૂદ્ર. (D) વર્ણ ચાર છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર.

17. નીચેનામાંથી કયું વાક્ય નિપાતવાળું નથી તે શોધો.

(A) વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી. (B) આજે તો આપણે છીએ નસીબદાર. કાલની વાત કાલે !

(C) અરુણા ને નીરા પણ સાથે આવવાનાં છે. (D) હું તમારે બંગલે ક્યારેક આવીશ.

18. નીચેનામાંથી કયો શબ્દ "દિવસ"નો સમાનાર્થી નથી ?

(A) વસુ (B) દિન (C) વાસર (D) અહ્ન

19. અહીં આપેલા ચાર શબ્દોનો શબ્દકોશમાં આવતા નિયમિત ક્રમાનુસાર ગોઠવો.

1. પરિમલ 2. પરિઘ 3. પરિષદ 4. પરિસર

(A) 1, 2, 3, 4 (B) 4, 1, 2, 3 (C) 2, 1, 3, 4 (D) 3, 1, 2, 4

20. "અત્યંત દીનપણે શરણે જવું" આવો અર્થ કયા રૂઢિપ્રયોગનો થાય છે ?

(A) નેવાના પાણી મોભે ચડવાં (B) નાક-લીટી તાણવી

(C) નાના મોંએ મોટી વાત (D) નસીબનું પાંદડું ફરવું

21. Fill in the gap : I _______, we should accept the offer.

(A) will think (B) would think

(C) think (D) should think

22. Fill in the blank : Do not waste your time, you _______ repend later on.

(A) might (B) would (C) should (D) may



Teachingninja.in

23. નીચે જણાવેલ એકવચન - બહુવચનની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી ?

(A) box - boxes
(B) story - stories
(C) calf - calfs
(D) ox - oxen

24. Evaluate the statement with reference to "Change the voice."

1. Ramesh writes a letter to me. → A letter was written to me by Ramesh.

2. They will do it. → It will be done by them.

(A) Only 1 is correct
(B) Only 2 is correct
(C) Both 1 and 2 are correct
(D) Both 1 and 2 are not correct

25. Study the transformation of the sentence :

1. The box is too heavy for him to lift. → The box is so heavy that he could not lift it.

2. He is kind enough to help us. → He is so kind that he will help us.

(A) Both 1 and 2 are correct
(B) Only 1 is correct
(C) Only 2 is correct
(D) Both 1 and 2 are not correct

26. વિરોધી (Antonyms) શબ્દ પસંદ કરો : "Artificial"

(A) Natural (B) Red (C) Truthful (D) Solid

27. યોગ્ય સમાન શબ્દ (Synonyms) પસંદ કરો. : "Alert"

(A) Energetic (B) Observant (C) Intelligent (D) Watchful

28. ખાલી જગ્યા પૂરો : The grapes are now _______ enouth to be picked.

(A) ready (B) mature (C) ripe (D) advance

29. સાચી જોડણીવાળો શબ્દ પસંદ કરો. (Select properly spelt word) : "વિદેશી" (શબ્દ)

(A) Foreign (B) Foreine (C) Fariegn (D) Forein

30. શબ્દસમૂહની અવેજીમાં એક શબ્દ પસંદ કરો.

"A list of business or subjects to be considered at a meeting."

(A) Schedule (B) Time table (C) Agenda (D) Plan

31. $111 \times 712 - 111 \times 512 = (?)$

(A) 23800 (B) 27890 (C) 22200 (D) 27880

32. બે આંકડાની મોટામાં મોટી અવિભાજ્ય સંખ્યા કઈ ?

(A) 99 (B) 93 (C) 95 (D) 97

33. 35ના વર્ગથી મળતી સંખ્યામાંથી 25ના વર્ગથી મળતી સંખ્યા બાદ કરતાં કઈ સંખ્યા મળે ?

(A) 267 (B) 400 (C) 700 (D) 600



Teachingninja.in

34. $\frac{18 \times 14 - 6 \times 8}{488 \div 4 - 20} = ?$

(A) $\frac{1}{2}$ (B) $\frac{3}{4}$ (C) 2 (D) 4

35. $\sqrt{41 - \sqrt{21 + \sqrt{19 - \sqrt{9}}}}$ નું મૂલ્ય શોધો.

(A) 6 (B) 5 (C) 3 (D) 6.4

36. ચાર અલગ અલગ ઘડિયાળના ટકોરા 5, 6, 8 અને 9 સેકન્ડના અંતરે વાગે છે. એકસાથે વાગવાના પ્રારંભ બાદ કેટલા સમય પછી ચારેય ટકોરા સાથે વાગશે ?

(A) 6 મિનિટ (B) 5 મિનિટ (C) 8 મિનિટ (D) 9 મિનિટ

37. વાર્ષિક 10% લેખે 3 વર્ષના ચક્રવૃધ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો તફાવત રૂા. 124 હોય તો મુદ્દલ રકમ કેટલી હશે ?

(A) રૂા. 3000 (B) રૂા. 4000 (C) રૂા. 5000 (D) રૂા. 3600

38. વિવાનને દરેક સાચા જવાબના 2 ગુણ અને દરેક ખોટા જવાબના (–2) ગુણ મળે છે. તેણે 80 પ્રશ્નોના જવાબ આપી 40 ગુણ મેળવ્યા, તો તેણે કેટલા પ્રશ્નોના સાચા જવાબ આપ્યા હશે ?

(A) 50 (B) 45 (C) 36 (D) 38

39. માતાની હાલની ઉંમર તેણીની પુત્રી કરતાં ત્રણ ગણી છે. 12 વર્ષ પછી માતાની ઉંમર પુત્રીની ઉંમર કરતાં બમણી થશે. તો હાલની પુત્રીની ઉંમર શું હશે ?

(A) 12 વર્ષ (B) 14 વર્ષ (C) 16 વર્ષ (D) 18 વર્ષ

40. 450 સફરજન ખરીદ્યા, જે પૈકી 30% સફરજન સડેલા નિકળ્યા, તો સારી સ્થિતિમાં કેટલા સફરજન હશે ?

(A) 125 (B) 180 (C) 240 (D) 315

41. એક વિદ્યાર્થી 100 માર્કસના દરેક એવા 8 પેપરમાં 55% માર્કસ મેળવે છે. તે કુલ માર્કસના 15% માર્કસ અંગ્રેજીમાં મેળવે છે, તો અંગ્રેજીમાં કેટલા માર્કસ મેળવે છે ?

(A) 44 (B) 66 (C) 45 (D) 77

42. મોહનલાલ એક ટી.વી. સેટ રૂા. 12500 ની કિંમતે ખરીદી, રૂા. 300 ટ્રાન્સપોર્ટેશન અને રૂા. 800 ઈન્સ્ટોલ કરવાનો ખર્ચ કરે છે. તે ટી.વી. સેટ કેટલી કિંમતમાં વેચે તો એકંદરે 15% નફો થાય ?

(A) રૂા. 14375 (B) રૂા. 15640 (C) રૂા. 15375 (D) રૂા. 15460

43. A અને B સાથે મળીને એક કામ 12 દિવસમાં, B અને C સાથે મળીને 8 દિવસમાં અને C અને A સાથે મળીને 6 દિવસમાં કામ પૂરું કરી શકે તો B એકલો કેટલા દિવસમાં કામ પુરું કરી શકે ?

(A) 24 દિવસ (B) 32 દિવસ (C) 40 દિવસ (D) 48 દિવસ

44. જો કોઈ વર્તુળનો પરિઘ 176 મીટર હોય, તો તે વર્તુળની ત્રિજ્યા કેટલી થાય ?

(A) 30 મીટર (B) 28 મીટર (C) 34 મીટર (D) 32 મીટર



Teachingninja.in

45. 100 મીટર લાંબી ટ્રેનની ઝડપ 60 કિ.મી./કલાક છે, તો તે 140 મીટર લાંબો રેલ્વે બ્રીજ પસાર (ક્રોસ) કરવામાં કેટલો સમય લેશે ?

(A) 3.6 સેકન્ડ (B) 7.2 સેકન્ડ (C) 14.4 સેકન્ડ (D) 21.6 સેકન્ડ

46. A, B અને C નું સરેરાશ વજન 45 kg છે. A અને B નું 40 kg તેમજ B અને C નું 43 kg છે, તો B નું વજન કેટલું થશે ?

(A) 17 kg (B) 26 kg (C) 20 kg (D) 31 kg

47. ત્રણ મિત્રો મળીને વેપાર શરૂ કરે છે, જેમાં 'અ' 4 મહિના માટે રૂા. 10000, 'બ' 6 મહિના માટે રૂા. 5000 અને 'ક' 5 મહિના માટે રૂા. 16000 રોકે છે, જો વર્ષના અંતે રૂા. 4500 નફો થાય તો 'અ' ના ભાગે કેટલો નફો આવશે ?

(A) રૂા. 1000 (B) રૂા. 900 (C) રૂા. 1200 (D) રૂા. 2400

48. રૂા. 2600નું 2 વર્ષમાં કેટલા ટકા લેખે સાદુ વ્યાજ રૂા. 624 થાય ?

(A) 10% (B) 12% (C) 08% (D) 09%

49. એક ચોરસ બગીચાની લંબાઈ 60 મીટર છે. આ બગીચામાં માટી પાથરવાનો ખર્ચ 4 ચો.મી. ના રૂા. 5 લેખે કેટલો થાય ?

(A) રૂા. 4500 (B) રૂા. 4000 (C) રૂા. 3600 (D) રૂા. 5000

50. (a) નળ એક ટાંકીને 23 કલાકમાં અને (b) નળ તે જ ટાંકીને 3 કલાકમાં ભરે છે. જો બંને નળને એક સાથે ખોલવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાઈ જશે ?

(A) 72 મિનિટ (B) 92 મિનિટ (C) 64 મિનિટ (D) 49 મિનિટ

51. સિંધુ ખીણ સંસ્કૃતિના શોધાયેલા મહત્વના સ્થળોમાંથી કયા એક સ્થળે ગોદી (dock yard) મળી આવેલ છે ?

(A) હડપ્પા (B) ધોળાવીરા (C) વલભી (D) લોથલ

52. મહાશિવરાત્રીના મેળામાં દિગંબર સાધુઓ કયા કુંડમાં શાહી સ્નાન માટે જાય છે ?

(A) દામોદર કુંડ (B) ભીમ કુંડ (C) મૃગી કુંડ (D) ગજપદ કુંડ

53. સિતાર વાદનમાં કયા પ્રસિધ્ધ સંગીતકારને ભારત સરકાર દ્વારા ઈ.સ. 1999માં 'ભારત રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) ઝાકિર હુસૈન (B) શિવકુમાર શર્મા (C) પંડિત રવિશંકર (D) હરિપ્રસાદ ચૌરસિયા

54. 'તમાસા' નીચેનામાંથી કયા રાજ્યની નાટ્યકલા છે ?

(A) મધ્ય પ્રદેશ (B) ઉત્તર પ્રદેશ (C) જમ્મુ-કશ્મીર (D) મહારાષ્ટ્ર

55. રાજા રામમોહનરાયે કયા બંગાળી સમાચાર પત્રની શરૂઆત ઈ.સ. 1821માં કરી હતી ?

(A) સંવાદ કૌમુદી (B) મિરાત-ઉલ-અખબાર (C) તત્વબોધિની (D) અમૃતબઝાર પત્રિકા

56. 'હું જીવતો અંગ્રેજ સરકારના હાથમાં પકડાઈશ નહિ.' આ પ્રતિજ્ઞા કયા ક્રાંતિકારીએ લીધી હતી ?

(A) ભગતસિંહ (B) ચંદ્રશેખર આઝાદ (C) રામપ્રસાદ બિસ્મિલ (D) અશફાક ઉલ્લાહ

57. હર્ષવર્ધનના સમયમાં પ્રાચીન નાલંદા વિદ્યાપીઠના પ્રમુખ આચાર્ય કોણ હતા ?

(A) હ્યુ-એન-ત્સાંગ (B) શીલભદ્ર (C) બ્રહ્મગુપ્ત (D) નાગાર્જુન



Teachingninja.in

58. સાબરમતી આશ્રમ ખાતે આવેલું મહાત્મા ગાંધીજીનું નિવાસ સ્થાન કયા નામે ઓળખાય છે ?

(A) મહાત્મા મંદિર (B) દાંડી કૂટીર (C) હૃદયકુંજ (D) સાબરકુંજ

59. નીચેનામાંથી કઈ જોડ ખોટી છે ?

| ચીજ વસ્તુ | | કયા વૃક્ષમાથી બનેલ છે ? |
|---|---|---|
| (A) ચારકોલ કોલસો | - | ગાંડા બાવળ |
| (B) કાગળ | - | વાંસ, હળદરવો, જોદડ |
| (C) આયુર્વેદિક દવા-તેલ | - | મહુડો |
| (D) કાથો | - | ટીમરુ |

60. ગુજરાતનું એકમાત્ર ગેમ રિઝર્વ (કન્ઝર્વેશન રિઝર્વ) ક્યાં આવેલું છે ?

(A) નળ સરોવર (B) થોળ (મહેસાણા) (C) છારીઢંઢ (કચ્છ) (D) ગિરનાર (જૂનાગઢ)

61. ગુજરાતમાં સૌથી ઓછી સાક્ષરતા ધરાવતો જિલ્લો 2011ની વસતી ગણતરી મુજબ કયો છે ?

(A) ડાંગ (B) દાહોદ (C) સુરેન્દ્રનગર (D) બનાસકાંઠા

62. સાબરમતી નદી ખંભાતના અખાતમાં કઈ ખાડીમાં સમુદ્ર સંગમ પામે છે ?

(A) કોપાલીની ખાડીમાં (B) વહેરાની ખાડીમાં (C) સોમારાની ખાડીમાં (D) ધોળકાની ખાડીમાં

63. ભારતમાં "બંધારણની સર્વોચ્ચતા" અને બંધારણની વ્યાખ્યા માટે "સર્વોચ્ચ ન્યાયાલય"નો સિધ્ધાંત કયા દેશ પાસેથી લેવામાં આવેલ છે ?

(A) બ્રિટન (B) ઓસ્ટ્રેલિયા (C) અમેરિકા (D) કેનેડા

64. વ્યક્તિગત સ્વતંત્રતાના રક્ષણ માટે ન્યાયાલય દ્વારા કઈ રિટ આપવામાં આવે છે ?

(A) ક્વૉવૉરન્ટો (અધિકારભંગ હુકમ) (B) હેબિયસ કૉર્પસ (બંદી પ્રત્યક્ષીકરણ)

(C) મેન્ડેમસ (પરમાદેશ) (D) પ્રોહિબિશન (પ્રતિષેદ)

65. 'ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાની રક્ષા કરી તેને જાળવી રાખવી' આ જોગવાઈ નીચેનામાંથી શામાં છે ?

(A) મૂળભૂત અધિકારમાં (B) મૂળભૂત ફરજોમાં

(C) રાજ્યનીતિ નિર્દેશક તત્ત્વમાં (D) 42મા બંધારણીય સુધારામાં

66. રાજ્યની વિધાનસભામાં બંધારણની 10મી અનુસૂચિ અંતર્ગત સત્યોની ગેરલાયકાત કોણ નક્કી કરે છે ?

(A) રાજ્ય ચૂંટણી પંચ (B) રાજ્યપાલ

(C) વિધાનસભાના અધ્યક્ષ (D) ન્યાયપાલિકા

67. ભારતના બંધારણની સંઘસૂચિ અંતર્ગત કયો વિષય સમાવિષ્ટ છે ?

(A) પોલીસ (B) કૃષિ

(C) લોકસ્વાસ્થ્ય અને સફાઈ (D) વસ્તી ગણતરી



Teachingninja.in

68. નીચેના પૈકી કયા કરને બદલે GST લાગુ પડે છે ?

1. સેન્ટ્રલ એક્સાઇઝ 2. વ્યાવસાયિક વેરો 3. સર્વિસ ટેક્ષ 4. વેટ

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

69. કાયમી ખાતા નંબર (PAN) .......... આલ્ફા-ન્યુમરિક કેરેક્ટર ધરાવે છે ?

(A) 4 (B) 12 (C) 6 (D) 10

70. મ્યુચ્યુઅલ ફંડ ઉપર કોનું નિયંત્રણ હોય છે ?

(A) RBI (B) SEBI (C) IRDA (D) ઉપરના પૈકી એક પણ નહીં

71. નીતિ આયોગના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (CEO) કોણ છે ?

(A) અમિતાભ કાંત (B) બી.વી.આર. સુબ્રમણ્યમ્

(C) અરવિંદ પનગઢિયા (D) વી. કે. સારસ્વત

72. ખાદ્ય પદાર્થોની ગુણવત્તાનું નિયંત્રણ / નિયમન કરતી સ્વૈચ્છિક સંસ્થા કઈ છે ?

(A) BIS (B) CAC (C) ISO (D) FPO

73. રુધિર જામી જવાની ક્રિયામાં મદદ કયા કણો કરે છે ?

(A) શ્વેતકણો (B) રક્તકણો (C) ત્રાકકણો (D) ઉપરોક્ત તમામ

74. કયો કોલસો સૌથી નિમ્ન કક્ષાનો અને ભૂખરા રંગનો કોલસો છે ?

(A) ઍન્થ્રૅસાઈટ (B) લિગ્નાઈટ (C) બિટુમિન (D) પીટ કોલસો

75. નીચેનામાંથી કયું માનવ શરીરની શારીરિક સ્થિતિ અને સમતોલપણું જાળવવામાં મદદ કરે છે ?

(A) અનુમસ્તિષ્ક (B) બૃહદ્ મસ્તિષ્ક (C) લંબમજ્જા (D) સેતુ

76. ઈલેક્ટ્રિક વાયરનું રેણ (સોલ્ડરીંગ) કરવામાં કઈ મિશ્રધાતુ વપરાય છે ?

(A) તાંબુ + ઝિંક (B) તાંબુ + બ્રાસ (C) લેડ + ટિન (D) તાંબુ + ટિન

77. ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2023 નો 'તાના-રીરી ઍવોર્ડ' કોને આપવામાં આવેલ છે ?

(A) કંકના બેનરજી, મોનીકા શાહ અને આરતી અંકલીકર (Arti Ankalikar)

(B) કવિતા કૃષ્ણમૂર્તિ અને ડૉ. વિરાજ અમર ભટ્ટ

(C) અનુરાધા પૌડવાલ અને વર્ષાબેન ત્રિવેદી

(D) કિશોરી અમોનકર, બેગમ પરવીન સુલતાના

78. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ની 10મી આવૃત્તિની થીમ શું છે ?

(A) Shaping of a New India (B) Gateway to the Future

(C) Peace to Prosperity (D) Gujarat Going Global



Teachingninja.in

79. તાજેતરમાં કયા ગુજરાતી ખેલાડીએ હૈદરાબાદ ખાતે આયોજિત નેશનલ સ્વિમિંગ ચેમ્પિયનશીપ-2023ની ટ્રોફી જીતી હતી ?

(A) કૃશાંગ પટેલ (B) માના પટેલ (C) આરતી સાહા (D) આર્યન નેહરા

80. ભારત સરકાર દ્વારા સાયબર સુરક્ષા ક્ષેત્રે તાલીમ માટે કયું પોર્ટલ વિકસાવ્યું છે ?

(A) Telecyber (B) Cyber worrier (C) CY Train (D) Procyber

81. વાહનવ્યવહાર કમિશ્નર કચેરી દ્વારા કયા કાર્યો કરવામાં આવે છે ?

1. લાયસન્સ 2. વાહનોની નોંધણી 3. પર્યાવરણીય અપગ્રેડેશન 4. સરકાર માટે આવક વસૂલાત

(A) 1, 2 અને 3 (B) 1, 3 અને 4 (C) 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

82. જીલ્લાના નોંધણી અધિકારી અને સંબંધીત કોડની જોડીઓના કોડ નંબરની જોડીઓ પૈકી, કઈ જોડી યોગ્ય નથી ?

(A) રાજકોટ - GJ-03 (B) સુરત - GJ-05 (C) પંચમહાલ - GJ-16 (D) દાહોદ - GJ-20

83. નીચે મુજબનું નિશાન શું બતાવે છે ?



(A) ડાબી બાજુ વાહન હાંકો (B) ડાબી બાજુ રસ્તો નથી

(C) ફરજીયાત ડાબી બાજુ વાહન રાખો (D) વાહન ધીમે ચલાવો.

84. ઓટોમોબાઈલ સસ્પેન્શનના સિસ્ટમમાં શાનો ઉપયોગ થાય છે ?

(A) ટોર્સિયન બાર (Torsion Bars) (B) લીફ સ્પ્રિંગ્સ (Leaf Springs)

(C) કૉઈલ સ્પ્રિંગ્સ (Coil Springs) (D) ઉપરોક્ત તમામ (All of above)

85. નીચેના પૈકી ટ્રાન્સમિશન સિસ્ટમમાં કયો ભાગ કાર્યવંત રહે છે ?

(A) ક્લચ (B) ગિયર બોક્સ (C) યુનિવર્સલ જોઈન્ટ (D) ઉપરોક્ત બધાજ

86. નીચેના પૈકી કયો ભાગ ટ્રાન્સમિશન સિસ્ટમનો ભાગ છે ?

(A) ડીફરન્સશીયલ (Differential) (B) બ્રેક (Breaks)

(C) એક્સીલેટર (Accelerator) (D) આઘાત શોષક (Shock-Absorber)

87. નીચેના પૈકી IC એન્જિનનું સિલિન્ડર, કયા પ્રકારનું હેડ ધરાવે છે ?

(A) U Head (B) F Head (C) C Head (D) X Head

88. ઓટોમોબાઈલ એન્જિનના પિસ્ટનના કયા ભાગનું તાપમાન વધુ હશે ?

(A) પીસ્ટન રીંગ (Piston rings) (B) પીસ્ટન દિવાલો (Piston walls)

(C) પીસ્ટનનો ક્રાઉન (The crown of Piston) (D) પીસ્ટનનો સ્કર્ટ (Skirt of Piston)



Teachingninja.in

89. ટ્રાન્સમિશન સિસ્ટમ .......... ને એન્જિનથી વ્હીલ્સ સુધી પ્રસારિત કરે છે.

(A) ઝડપ (B) શક્તિ (C) કરંટ (D) દબાણ

90. નીચેનામાંથી કયુ એલ્યુમિનિયમ એલોયનું બનેલ છે ?

(A) કોઈલ સ્પ્રીંગ (B) પીસ્ટન (C) કનેક્ટીંગ રૉડ (D) ટૉરસીયન બાર

91. રાહદારીઓ માટેના ક્રોસીંગ ઉપર રાહદારી રોડ ક્રોસ કરતા હોય ત્યારે તમે શું કરશો ?

(A) હોર્ન વગાડીને ઝડપથી વાહન હંકારીશ

(B) વાહન ધીમુ કરીને હોર્ન વગાડીને વાહન હંકારીશ

(C) વાહન ઉભુ રાખીને રાહદારીને રોડ ક્રોસ કરે તેની રાહ જોઈશ

(D) સતત હોર્ન વગાડતો રહીશ

92. સાંકડા નાળા પાસે તમે પહોંચ્યા છો અને સામેથી નાનું વાહન નાળામાં પ્રવેશેલ છે, નાળામાંથી બંને વાહનો એકી સાથે જઈ શકે તેમ નથી, આ સંજોગોમાં તમે શું કરશો ?

(A) ઝડપ વધારી દઈશ અને નાના વાહન સામે મારૂ વાહન ઉભું કરીશ

(B) લાઈટ ચાલુ કરીને સામાવાળાને પરત જવા જણાવીશ

(C) સામેવાળા વાહનને પરત ફરવા ફરજ પાડીશ

(D) સામેનું વાહન પસાર થાય ત્યાં સુધી ઉભો રહીશ

93. "જે રસ્તાને વન-વે તરીકે જાહેર કરેલ હોય" ત્યારે ....

(A) તે રસ્તામાં પાર્કિંગની મનાઈ છે

(B) ઓવરટેક કરવાની મનાઈ છે

(C) રીવર્સમાં વાહન ચલાવવાની મનાઈ છે

(D) વાહનવ્યવહારમાં સામેથી આવતી વખતે ફુલ લાઈટ રાખવાની છે

94. નીચેની સંજ્ઞા શું બતાવે છે ?



(A) વન-વે રસ્તો છે (B) ગતિ મર્યાદાનો આરંભ

(C) ગતિ મર્યાદાનો અંત (D) પ્રવેશ પ્રતિબંધ છે

95. આગળ જતા વાહનને કઈ બાજુથી ઓવરટેક કરી શકાય છે ?

(A) આગળના વાહનની જમણી બાજુથી જ (B) આગળના વાહનની ડાબી બાજુથી જ

(C) રસ્તો પહોળો હોય તો ડાબી બાજુથી પણ (D) ઓવરટેક માટે જગ્યા મળે તે બાજુથી

[Contd.



Teachingninja.in

96. જ્યારે ફાટક વગરના રેલ્વે ક્રોસીંગને, વાહન સાથે ક્રોસ કરવાનું હોય ત્યારે ...

(A) રસ્તાની ડાબી બાજુએ વાહન ઉભુ રાખીને ટ્રેક ઉપર રેલ્વે આવે છે કે કેમ તે જોઈશ

(B) જોરથી હોર્ન વગાડીને ઝડપથી રેલ્વે લાઈન ક્રોસ કરીશ

(C) જો રેલ્વે ટ્રેક ઉપર રેલ્વે ન આવતી હોય તો ક્રોસીંગ પસાર કરીશ અને જો રેલ્વે આવતી હોય તો ઉભો રહીશ

(D) A, B અને C ત્રણેય કાર્ય કરીશ

97. કાચા લાયસન્સની મુદત કેટલા સમયની છે ?

(A) 1 માસ

(B) 3 માસ

(C) 6 માસ

(D) નવું પાકુ લાયસન્સ ન મેળવે ત્યાં સુધી

98. નીચેની નિશાની શું સંદેશ આપે છે ?



(A) જમણી બાજુ વળવાની મનાઈ છે

(B) જમણી બાજુથી ઓવરટેક કરવાની મનાઈ છે

(C) યુ ટર્ન લેવાની મનાઈ છે

(D) યુ ટર્ન લેવા માટે આગળ પ્રબંધ છે

99. રાત્રી સમય દરમ્યાન વાહન બંધ પડે / બગડી જાય ત્યારે ....

(A) વાહનને રસ્તાની ડાબી બાજુ પાર્ક કરવું

(B) વાહનને લોક કરવું

(C) ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવનારે ડ્રાઈવર સીટ ઉપર બેસી રહેવું

(D) યોગ્ય જગ્યાએ વાહન પાર્ક કરીને, પાર્કીંગ લાઈટ ચાલુ રાખવી

100. જ્યારે વાહનમાં પેટ્રોલ, ડીઝલ, ગેસ ભરતા હોઈએ ત્યારે ....

(A) હવા ચેક કરવાની મનાઈ છે

(B) વાહનની લાઈટ ચાલુ રાખવી

(C) મોબાઈલ, ધુમ્રપાનનો ઉપયોગ ન કરવો

(D) હેન્ડ બ્રેકથી વાહન રોકી રાખવું

Teachingninja.in

# GUJARAT STATE ROAD TRANSPORT CORPORATION

## DRIVER - (JHDR-2023)

## Date of Exam : 28/01/2024

## FINAL ANSWER KEY

## QUESTION PAPER SERIES - A

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | D | 26 | C | 51 | D | 76 | A |
| 2 | C | 27 | A | 52 | D | 77 | D |
| 3 | C | 28 | B | 53 | B | 78 | C |
| 4 | D | 29 | D | 54 | C | 79 | A |
| 5 | A | 30 | C | 55 | C | 80 | C |
| 6 | B | 31 | D | 56 | A | 81 | C |
| 7 | B | 32 | C | 57 | C | 82 | D |
| 8 | C | 33 | C | 58 | D | 83 | D |
| 9 | D | 34 | D | 59 | A | 84 | C |
| 10 | C | 35 | D | 60 | B | 85 | A |
| 11 | B | 36 | A | 61 | A | 86 | A |
| 12 | A | 37 | B | 62 | D | 87 | B |
| 13 | C | 38 | C | 63 | C | 88 | A |
| 14 | B | 39 | B | 64 | C | 89 | A |
| 15 | B | 40 | B | 65 | B | 90 | D |
| 16 | C | 41 | C | 66 | A | 91 | B |
| 17 | D | 42 | D | 67 | D | 92 | B |
| 18 | C | 43 | C | 68 | A | 93 | D |
| 19 | D | 44 | D | 69 | C | 94 | B |
| 20 | B | 45 | A | 70 | B | 95 | C |
| 21 | B | 46 | D | 71 | C | 96 | X |
| 22 | B | 47 | C | 72 | C | 97 | C |
| 23 | C | 48 | C | 73 | C | 98 | B |
| 24 | D | 49 | D | 74 | B | 99 | A |
| 25 | A | 50 | C | 75 | C | 100 | X |

**Note : " X " in above table denotes that, 1 mark will be given to all the candidates who were present in the exam.**

Teachingninja.in

# GUJARAT STATE ROAD TRANSPORT CORPORATION

## DRIVER - (JHDR-2023)

## Date of Exam : 28/01/2024

## FINAL ANSWER KEY

## QUESTION PAPER SERIES - B

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 26 | X | 51 | B | 76 | D |
| 2 | C | 27 | C | 52 | B | 77 | C |
| 3 | C | 28 | B | 53 | C | 78 | C |
| 4 | B | 29 | A | 54 | D | 79 | D |
| 5 | C | 30 | X | 55 | A | 80 | C |
| 6 | A | 31 | D | 56 | C | 81 | D |
| 7 | D | 32 | C | 57 | A | 82 | D |
| 8 | C | 33 | C | 58 | B | 83 | B |
| 9 | A | 34 | D | 59 | D | 84 | C |
| 10 | C | 35 | A | 60 | C | 85 | C |
| 11 | C | 36 | B | 61 | D | 86 | A |
| 12 | D | 37 | B | 62 | C | 87 | C |
| 13 | D | 38 | C | 63 | C | 88 | D |
| 14 | C | 39 | D | 64 | D | 89 | A |
| 15 | A | 40 | C | 65 | D | 90 | B |
| 16 | A | 41 | B | 66 | A | 91 | A |
| 17 | B | 42 | A | 67 | B | 92 | D |
| 18 | A | 43 | C | 68 | C | 93 | C |
| 19 | A | 44 | B | 69 | B | 94 | C |
| 20 | D | 45 | B | 70 | B | 95 | B |
| 21 | B | 46 | C | 71 | C | 96 | A |
| 22 | B | 47 | D | 72 | D | 97 | D |
| 23 | D | 48 | C | 73 | C | 98 | A |
| 24 | B | 49 | D | 74 | D | 99 | C |
| 25 | C | 50 | B | 75 | A | 100 | B |

**Note : " X " in above table denotes that, 1 mark will be given to all the candidates who were present in the exam.**

Teachingninja.in

# GUJARAT STATE ROAD TRANSPORT CORPORATION

## DRIVER - (JHDR-2023)

## Date of Exam : 28/01/2024

## FINAL ANSWER KEY

## QUESTION PAPER SERIES - C

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | D | 26 | A | 51 | D | 76 | C |
| 2 | D | 27 | D | 52 | C | 77 | A |
| 3 | B | 28 | C | 53 | C | 78 | B |
| 4 | C | 29 | A | 54 | D | 79 | D |
| 5 | C | 30 | C | 55 | A | 80 | C |
| 6 | A | 31 | C | 56 | B | 81 | D |
| 7 | C | 32 | D | 57 | B | 82 | C |
| 8 | D | 33 | D | 58 | C | 83 | C |
| 9 | A | 34 | C | 59 | D | 84 | D |
| 10 | B | 35 | A | 60 | C | 85 | D |
| 11 | A | 36 | A | 61 | B | 86 | A |
| 12 | D | 37 | B | 62 | A | 87 | B |
| 13 | C | 38 | A | 63 | C | 88 | C |
| 14 | C | 39 | A | 64 | B | 89 | B |
| 15 | B | 40 | D | 65 | B | 90 | B |
| 16 | A | 41 | B | 66 | C | 91 | C |
| 17 | D | 42 | B | 67 | D | 92 | D |
| 18 | A | 43 | D | 68 | C | 93 | C |
| 19 | C | 44 | B | 69 | D | 94 | D |
| 20 | B | 45 | C | 70 | B | 95 | A |
| 21 | C | 46 | X | 71 | B | 96 | D |
| 22 | C | 47 | C | 72 | B | 97 | C |
| 23 | C | 48 | B | 73 | C | 98 | C |
| 24 | B | 49 | A | 74 | D | 99 | D |
| 25 | C | 50 | X | 75 | A | 100 | C |

**Note : " X " in above table denotes that, 1 mark will be given to all the candidates who were present in the exam.**

Teachingninja.in

# GUJARAT STATE ROAD TRANSPORT CORPORATION

## DRIVER - (JHDR-2023)

## Date of Exam : 28/01/2024

## FINAL ANSWER KEY

## QUESTION PAPER SERIES - D

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|
| 1 | D | 26 | A | 51 | C | 76 | B |
| 2 | C | 27 | C | 52 | D | 77 | B |
| 3 | C | 28 | D | 53 | D | 78 | C |
| 4 | D | 29 | A | 54 | C | 79 | D |
| 5 | D | 30 | B | 55 | A | 80 | C |
| 6 | A | 31 | A | 56 | A | 81 | B |
| 7 | B | 32 | D | 57 | B | 82 | A |
| 8 | C | 33 | C | 58 | A | 83 | C |
| 9 | B | 34 | C | 59 | A | 84 | B |
| 10 | B | 35 | B | 60 | D | 85 | B |
| 11 | C | 36 | A | 61 | B | 86 | C |
| 12 | D | 37 | D | 62 | B | 87 | D |
| 13 | C | 38 | A | 63 | D | 88 | C |
| 14 | D | 39 | C | 64 | B | 89 | D |
| 15 | A | 40 | B | 65 | C | 90 | B |
| 16 | D | 41 | C | 66 | X | 91 | B |
| 17 | C | 42 | C | 67 | C | 92 | B |
| 18 | C | 43 | C | 68 | B | 93 | C |
| 19 | D | 44 | B | 69 | A | 94 | D |
| 20 | C | 45 | C | 70 | X | 95 | A |
| 21 | D | 46 | A | 71 | D | 96 | C |
| 22 | D | 47 | D | 72 | C | 97 | A |
| 23 | B | 48 | C | 73 | C | 98 | B |
| 24 | C | 49 | A | 74 | D | 99 | D |
| 25 | C | 50 | C | 75 | A | 100 | C |

**Note : " X " in above table denotes that, 1 mark will be given to all the candidates who were present in the exam.**

Teachingninja.in